# ઉત્તર ભારત કાતિલ ઠંડીના સંકંજામાં

## પ્રથમ વાર દાલ સરોવરમાં બરફનો થર જામી ગયો

નવી દિલ્હી, તા.૩

સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં આવી ગયુ છે. ઠંડીના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. સવારે ચારેબાજુ બરફની ચાદર અને ધુમ્મસની ચાદર છવાઈ ગઈ હતી જેથી લોકો ઘરમાંથી બહાર નીકળી શક્યા ન હતા. બીજી બાજુ ટ્રેન અને વિમાની સેવાને ધુમ્મસના કારણે માઠી અસર થઈ હતી. કાશ્મીર ખીણમાં મોટાભાગના વિસ્તારોમાં તાપમાન શૂન્યથી પણ નીચે પહોંચી ગયુ છે. લડાખના સિમાંત ક્ષેત્ર ગણાતા કારગીલમાં સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. અહીં તાપમાન માઈનસ ૧૪.૮ ડિગ્રી નોંધાયુ હતુ. જ્યારે નજીકના લેહમાં માઈનસ ૧૬.૨ ડિગ્રી તાપમાન જોવા મળ્યુ હતુ. આવી જ રીતે ઉત્તર કાશ્મીરમાં પ્રવાસી સ્થળ ગુલમર્ગમાં માઈનસ ૯ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. દક્ષિણ કાશ્મીરના પહેલગામમાં તાપમાન માઈનસ ૭.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ. હવામાન ખાતાએ આગાહી કરતા જણાવ્યું છે કે તીવ્ર ઠંડીથી હજુ કોઈ પણ



રાહત મળશે નહીં. કાશ્મીર ખીણમાં ઠંડીનો પ્રકોપ યથાવત રહ્યો છે. આ સિઝનમાં પ્રથમ વખત દાલ સરોવરમાં બરફની થર જામી ગઈ છે. બીજીબાજુ શ્રીનગરમાં બીજી વખત લઘુતમ તપમાન માઈનસ ચાર ડિગ્રી નોંધાયુ હતુ. મેદાની ભાગોની વાત કરવામાં આવે તો પંજાબ, હરિયાણા, રાજસ્થાનમાં પણ તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. લઘુતમ તાપમાન ૪થી સાત ડિગ્રી વચ્ચે નોંધાયુ છે. ઉત્તરપ્રદેશમાં ૧૦૦થી વધુ લોકોના મોત થઈ ચુકયા છે. છેલ્લા ત્રણ ચાર દિવસમાં પારો ખૂબજ નીચે પહોંચી ગયો છે. સમગ્ર ઉત્તર ભારત તીવ્ર ઠંડીના સકંજામાં છે. ઉત્તર પ્રદેશ સરકારે માહિતી આપતા કહ્યુ છે કે

**ક્યાં કેટલું તાપમાન.....**

| શહેર | લઘુત્તમ તાપમાન |
|---|---|
| લેહ | માઈનસ૧૬.૨ |
| કારગીલ | માઈનસ ૧૪.૮ |
| ગુલમર્ગ | માઈનસ ૯.૨ |
| પહેલગામ | માઈનસ ૭.૭ |
| શ્રીનગર | માઈનસ ૩.૯ |
| લાહોલ-સ્પિતી | માઈનસ ૮.૯ |
| કાલ્પા | માઈનસ ૩.૬ |
| સિમલા | ૨.૧ |
| લખનૌ | ૪.૩ |
| નારનોલ | ૨.૪ |
| ભીવાની | ૪.૨ |
| હિસાર | ૪ |
| પટિયાલા | ૫.૫ |
| ચુરુ | ૧.૬ |

મુજફફર નગરમાં ચાર લોકોના મોત થાય છે. અહીં ૦.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયુ છે. મથુરામાં ત્રણ, આગ્રામાં બે, બુલંદ શહેરમાં બે, બારાબંકીમાં એકનું મોત થયુ છે. રાજસ્થાનમાં પણ લોકો તીવ્ર ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. અહીં ચુરુ જિલ્લામાં સૌથી ઠંડી નોંધાઈ છે. તાપમાન ૧.૬ ડિગ્રી નોંધાયુ છે. જયપુરમાં સરકારી અને ખાનગી સ્કૂલોને ૧૨મી જાન્યુઆરી સુધી બંધ રાખવાની સૂચના આપી છે. કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં તાપમાન શૂન્યથી નીચે પહોંચી ગયુ છે. ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા અને દિલ્હીમાં ધુમ્મસના કારણે ટ્રેન અને વિમાની સેવાને અસર થઈ છે. શ્રીનગરમાં ઘણી જગ્યાએ માઈનસમાં તાપમાન નોંધાયુ છે. હિમાચલમાં પણ રેકોર્ડ ઠંડી નોંધાઈ છે. લાહોલ અને સ્પિતીમાં લઘુતમ તાપમાન માઈનસ ૮.૯ ડિગ્રી નોંધાયુ છે. કિન્નોરમાં માઈનસ ૩.૬ ડિગ્રી અને મનાલીમાં માઈનસ ત્રણ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. શિમલામાં ૨.૧ ડિગ્રી તાપમાન રહ્યુ છે. હરિયાણાના નારનોલમાં ૨.૪ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌમાં ૪.૩ ડિગ્રી તાપમાન રહ્યુ છે.

# ડીએમકેના વડા તરીકે સ્ટાલિન

ચેન્નઈ, તા.૩

ડીએમકેના વડા તરીકેની જવાબદારી હવે સ્ટાલિન સંભાળી શકે છે તે અંગેનો સંકેત આજે તમિળનાડુના પૂર્વ મુખ્યમંત્રી અને ડીએમકેના નેતા કરૂણાનિધિએ આપ્યો હતો. કરૂણાનિધિએ સ્પષ્ટ સંકેત આપતા જણાવ્યું હતુ કે તેમના પછી પક્ષની જવાબદારી તેમના મોટા પુત્ર અને ખજાનચી એમકે સ્ટાલિન સંભાળશે. ચેન્નઈમાં પક્ષના કાર્યક્રમમાં ભાષણ આપતા કરૂણાનિધિએ કહ્યુ હતુ કે તેમના છેલ્લા શ્વાસ સુધી તેઓ સમાજના જીવનધોરણને સુધારવા માટે કામ કરતા રહેશે. તેમના પછી પક્ષની જવાબદારી કોણ સંભાળશે તે અંગે પુછવામાં આવતા કરૂણાનિધિએ



કહ્યુ હતુ કે સ્ટાલિનને આ તમામ જવાબદારી સોંપવામાં આવશે. સ્ટાલિનની વાત કરવામાં આવતા પક્ષના કાર્યકરોમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ હતુ. કરૂણાનિધિએ અનેક વખત આ મુજબના સંકેત આપ્યા હતા. પરંતુ આ વખતે સ્પષ્ટ સંકેત તેઓએ આપ્યો છે. કરૂણાનિધિના પક્ષમાં ઘણા લોકો સ્ટાલિન સામે વિરોધ પણ કરી રહ્યા છે. એમકે અલાગીરીએ સ્ટાલિનનો હંમેશા વિરોધ કર્યો છે આ ઉપરાંત આગામી વડા તરીકે અન્ય નેતાઓએ પણ ભૂતકાળમાં વિરોધ કરી ચુક્યા છે. સ્ટાલિન રાજકીય પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા છે પરંતુ કરૂણાનિધિ જેટલા લોકપ્રિય રહ્યા નથી.

# કૃષિમાં ફેરફારને પ્રાથમિકતા આપવાની જરૂર : વડાપ્રધાન

કોલકાતા, તા.૩

વડાપ્રધાન મનમોહનસિંહે આજે કહ્યુ હતુ કે વિજ્ઞાન અને ટેકનોલોજી સહિત તમામ સરકારી નીતિઓ માટે કૃષિમાં ફેરફારને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની જરૂર છે. વડાપ્રધાને ભારતીય વિજ્ઞાન કોંગ્રેસના શતાબ્દી કાર્યક્રમમાં આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે વિજ્ઞાન, ટેકનોલોજીને અતિ ઝડપથી અપનાવીને વધુ ઝડપથી આગળ વધવામાં આવે તે જરૂરી છે. સિંહે એમ પણ કહ્યુ હતુ કે વંચિતની જરૂરિયાતોને પૂરી કરવા માટે તથા અમિર અને ગરીબો વચ્ચેના અંતરને દૂર કરવા માટે વિજ્ઞાનના સાધનોનો ભરપૂર ઉપયોગ કરવો જોઈએ. રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પણ આજે સવારે શોલ્ટલેટ સ્ટેડિયમમાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને આનું ઉદ્‌ઘાટન પણ કર્યુ હતુ. પ્રણવે કહ્યુ હતુ કે વિજ્ઞાન અને ટેકનોલોજી તથા નવી નીતિ મહત્વપૂર્ણ બની ગઈ છે. વર્ષ ૨૦૨૦ સુધી ભારતને દુનિયાની પાંચ ટોચની વૈજ્ઞાનિક શક્તિઓમાં સામેલ કરવાનો ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે. સિંહે કહ્યુ હતુ કે કાર્યક્રમના વિષય ભારતના ભવિષ્ય બનાવવા માટે વિજ્ઞાન ભારતીય વૈજ્ઞાનિકોની દરેક પેઢીના સ્વપ્નનું પ્રતિનિધિત્વ કરે છે. સિંહે એમ પણ કહ્યુ હતુ કે કૃષિમાં ફેરફાર સરકારી નીતિની પ્રાથમિકતા હોવી જોઈએ. આમા વિજ્ઞાન અને ટેકનોલોજી પણ સામેલ છે. સિંહે કહ્યુ હતુ કે સમાજના નિર્માણમાં વિજ્ઞાનની ભૂમિકા હવે વધી ગઈ છે. વિજ્ઞાનની મદદથી સામાજિક સમસ્યાઓનો ઉકેલ શોધી કાઢવો જોઈએ.

# દવાઓના ગેરકાયદે ક્લિનિકલ ટ્રાયલને રોકવા સુપ્રીમનો હુકમ

નવી દિલ્હી, તા.૩

સુપ્રીમ કોર્ટે મલ્ટિનેશનલ કંપનીઓ દ્વારા બિન ચકાસાયેલી દવાઓના ગેરકાયદે ક્લિનિકલ ટ્રાયલને રોકવામાં નિષ્ફળતા બદલ આજે લાલ આંખ કરી હતી અને કેન્દ્ર સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. સુપ્રીમ કોર્ટે દવાઓના બિન નિયંત્રિત ટ્રાયલ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને સાફ શબ્દોમાં કહ્યુ હતુ કે દવાઓના ગેરકાયદે પરિક્ષણ ઉપર અંકુશ મુકવા સરકાર અતિ ઝડપથી આગળ વધે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટે પોતાના વચગાળાના આદેશમાં કહ્યુ છે કેનવી દવાઓના તમામ ક્લિનિકલ પરિક્ષણ આરોગ્ય સચિવની બાજ નજર હેઠળ થવા જોઈએ. કેન્દ્ર સરકાર દવાઓના આડેધડ પરિક્ષણને રોકવામાં નિષ્ફળ ગઈ છે. સુપ્રીમ કોર્ટે શ્રેણીબદ્ધ પરિક્ષણોને લઈને વાંધો ઉઠાવ્યો છે. સુપ્રીમનું કહેવું છે કે દવાઓના ટ્રાયલના લીધે દેશભરમાં હોબાળો મચી ગયો છે. ઘણા નાગરિકોના મોત પણ થયા છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે સરકાર આ મામલે ઉદાસિન વલણઅપનાવી રહી છે. બહુ રાષ્ટ્રીય કંપનીઓની આવી પ્રવૃત્તિઓને રોકવા એક યોગ્ય વ્યવસ્થા પણ અમલમાં મૂકી શકાઈ નથી. જસ્ટીસ આરએમ લોધા અને એઆર દવેની બનેલી બેંચે તેના વચગાળાના આદેશમાં કહ્યુ છે કે તમામ ક્લિનિકલ ટ્રાયલો આરોગ્ય સચિવની દેખરેખ હેઠળ કરીને યોગ્ય માર્ગદર્શિકા અપનાવવામાં આવે તે જરૂરી છે. બેંચે એમ પણ કહ્યુ છે કે દેશના નાગરિકોના આરોગ્યની ચકાસણી ખૂબ જરૂરી બની ગઈ છે. મૃત્યુના મામલાઓને રોકવામાં આવે તે જરૂરી છે. ગેરકાયદે ટ્રાયલો પણ રોકાવી જોઈએ. તાકિદના આધાર પર આ દૂષણને હાથ ધરવા કડક સૂચના પણ આપવામાં આવી છે. ઘણી સમિતીઓ આ મામલામાં તપાસ કરવા રચવામાં આવી છે. પરંતુ કોઈ અસરકારક સફળતા મળી નથી. બેંચનું કહેવું છે કે લોકોના મોત થઈ રહ્યા છે તેને રોકવામાં આવે તે વધારે મહત્વ છે. મૃત્યુ પામેલા લોકોને તેમના જીવન પાછા આપી શકાય નહીં. ક્લિનિકલ ટ્રાયલમાં લોકોના મોત થયા છે. કોઈ કમિટી અથવા પંચની રચના કરવાની બાબત ખૂબજ સરળ છે આ મુદ્દે લોકોનું ધ્યાન અન્યત્ર વાળવા આ બધુ કરવામાં આવે છે. કોર્ટનું કહેવું છે કે સરકાર પ્રશ્નોના જવાબ આપવાથી દૂર ભાગી રહી છે. ગયા વર્ષે આઠમી ઓક્ટોબરના દિવસે સુપ્રીમ કોર્ટે એવા આક્ષેપ અંગે કેન્દ્ર અને રાજ્ય સરકારો તરફથી જવાબ માંગ્યો હતો કે દવાની કંપનીઓ દ્વારા ક્લિનિકલ ટ્રાયલ માટે માનવીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઈન્દોરમાં ગેરકાયદે દવાઓના ટ્રાયલના શ્રેણીબદ્ધ કેસ સપાટી પર આવ્યા છે. તેની અરજીમાં એનજીઓએ જણાવ્યું છે કે ટેસ્ટ માટે ૩૩૦૦ દર્દીઓનો ઉપયોગ કરવામાં આવી ચુક્યો છે. આશરે ૫.૫ કરોડ રૂપિયા એકલા સરકારી તબીબોને ચૂકવવામાં આવ્યા છે. ૨૦૦૮માં ૨૮૮ના મોત થયા હતા. ૨૦૦૯માં ૬૩૭ લોકોના મોત થયા હતા જ્યારે ૨૦૧૦માં ૫૯૭ લોકોના મોત થયા હતા. એવો દાવો પણ કરવામાં આવ્યો છે કે ક્લિનિકલ ટ્રાયલમાં પારદર્શકતાના અભાવની સ્થિતિ જોવા મળી રહી છે.

# પાટિલે સાત બળાત્કારીની મૃત્યુદંડની સજા ઘટાડી હતી

નવી દિલ્હી, તા. ૩

બળાત્કારને લઈને દેશભરમાં હોબાળો મચેલો છે. આવા બનાવને રોકવા માટે પગલાં પણ લેવામાં આવી રહ્યા છે ત્યારે દેશમાં વધતાં જતાં બળાત્કારીના કેસોને લઈને હવે સજાની માંગ ઊઠી રહી છે. બળાત્કારીઓને મૃત્યુદંડની સજાની વાત દિનપ્રતિદિન ગંભીર બની રહી છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલે કેન્દ્ર સરકારની ભલામણના આધાર ઉપર સાત બળાત્કારીઓ સહિત તેમના ગાળા દરમિયાન ૩૫ અપરાધીઓની મૃત્યુદંડની સજાને ઘટાડી દીધી હતી. પાટિલની પણ હવે ટીકા ટિપ્પણી થઈ રહી છે. પાટનગર દિલ્હીમાં ૨૩ વર્ષીય પેરામેડીકલની વિદ્યાર્થીની ઉપર ગેંગરેપ અને ત્યારબાદ તેના મોતના મામલે નારાજગી દેખાઈ રહી છે ત્યારે પાટિલની ટીકા ટિપ્પણી થઈ રહી છે. તેમના ગાળા દરમિયાન પાટિલે સાત બળાત્કારીઓને મૃત્યુદંડની સજા ઘટાડી દીધી હતી. અધિકારીઓએ કહ્યું છે કે રાષ્ટ્રપતિએ દયાની અરજીને માની લીધી હતી. રાષ્ટ્રપતિ દયા મંજૂર કરવા સત્તા સાથે સંબંધિત બંધારણની કલમ ૭૨ હેઠળ સત્તાનો ઉપયોગ કરીને આ સજા ઘટાડી દીધી હતી. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હવે ટીકા ટિપ્પણીનો સામનો કરી રહ્યા છે. બીજી બાજુ કેન્દ્ર સરકારની પણ ટીકા ટિપ્પણી થઈ રહી છે. તમામ કેસોમાં ગૃહમંત્રાલય દ્વારા તમામ પાસાઓમાં ધ્યાન આપવામાં આવ્યું હતું. પાટિલે બંધુ બાબુરાવની મૃત્યુદંડની સજા પણ ઘટાડી દીધી હતી. આ ઉપરાંત આવા જ અન્ય કેસોમાં પણ સજા ઘટાડવામાં આવી હતી. ઉત્તર પ્રદેશના બંટુનો કેસ પણ આમા સામેલ છે. બંટુએ આગ્રામાં ૨૦૦૩માં પાંચ વર્ષની બાળકી ઉપર બળાત્કાર કરી તેની હત્યા કરી હતી. આ બાળકી તેના સંબંધિત સાથે દેવી જાગરણમાં આવી હતી. તેને લાલચ આપીને તેના ઉપર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. માસૂમ બાળકી ઉપર બળાત્કાર અને તેની હત્યા સાથે આ સંબંધિત મામલા હતા.

# મુકેશ અંબાણી વિશ્વના ૧૮મા સૌથી ધનાઢ્ય વ્યક્તિ

નવી દિલ્હી,તા. ૩

ભારતીય બિઝનેસ સમ્રાટ મુકેશ અંબાણી વિશ્વમાં ૨૪.૭ અબજ ડોલરની સંપત્તિ સાથે વર્ષ ૨૦૧૨માં ૧૮માં સૌથી અમીર વ્યક્તિ તરીકે ઉભરી આવ્યા છે. બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સ જારી કરવામાં આવ્યા બાદ આંકડા સપાટી પર આવ્યા છે. ૧૦૦ વ્યક્તિગત સૌથી અમીર લોકોની યાદી જાહેર કરવામાં આવી છે. યાદીમાં મેક્સિકોના ટેલિકોમ્યુનિકેશન સમ્રાટ કાર્લોસ સ્લીમ ગયા વર્ષે પણ વિશ્વના સૌથી અમીર વ્યક્તિ તરીકે રહ્યા છે. તેમની



સંપત્તિ ૭૦ અબજ ડોલરની આસપાસની રહી છે. રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એમડી અને ચેરમેન ૫૫ વર્ષીય અંબાણી સતત છઠ્ઠા વર્ષે વિશ્વના સૌથી અમીર ભારતીય તરીકે રહ્યા છે. ઈન્ડેક્સમાં જણાવવામાં આવ્યું છે કે મુકેશ અંબાણી ૧૯માં ક્રમાંકેથી આગળ વધીને હવે ૧૮માં ક્રમાંકે આવી ગયા છે. તેમની સંપત્તિ ૨૧ અબજ ડોલરથી વધીને ૨૪.૭ અબ ડોલર થઈ ગઈ છે. વર્ષ ૨૦૧૨માં વિશ્વના ટોચ ટેન અબજોપતિની સંપત્તિમાં વધારો થયો છે. તેમની સંપત્તિમાં ૧૫ ટકાનો વધારો થતા સંપત્તિ ૧.૮૧ ટ્રિલિયન ડોલર પર પહોંચી છે. માઈક્રોસોફટના સ્થાપક બિલ ગેટ્સ અને ફેશન રિટેલર ઝારા ઓરટેગા ટોપ ત્રણમાં સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યા છે. યાદીમાં જાણીતા રોકાણકાર વારેન બફેટ આઠ અબજ ડોલરની સંપત્તિ સાથે ચોથા સ્થાને રહ્યા છે. આઈકેઈએના સ્થાપક કામપ્રાડની સંપત્તિમાં ૧૬.૬ ટકાનો વધારો થતા તેમની સંપત્તિ ૪૦ અબજ ડોલરની આસપાસ રહી છે. બ્લૂમબર્ગની યાદીમાં તેઓ પાંચમાં સ્થાને રહ્યા છે.

# ચેન્નાઈ ઓપનમાં લીએન્ડર પેસ હાર્યો

ચેન્નાઈ,તા.૩

ભારતનો સ્ટાર ટેનિસ ખેલાડી તથા ગયા વર્ષે અહીં ચેમ્પિયન બનેલો લિએન્ડર પેસ આ વખતે ચેન્નાઈ ઓપન ટેનિસ ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાંથી જ ફેંકાઈ જતા મેજર અપસેટ સર્જાયો હતો. ગુરુવારે અહીં રમાયેલી મેચમાં પેસ અને ફ્રાંસના રોજર વેસલિનની જોડીનો થાઈલેન્ડના બીનક્રમાંકિત ખેલાડી સેંન્ચાઈ તથા સાન્ચેંઝ રેટીવાના સામે પરાજ્ય થયો હતો.

થાઈલેન્ડના ખેલાડીઓએ પ્રારંભથી જ આક્રમક રમત દાખવીને પેસ-વેસલિનની જોડીને ૭-૬, ૬-૧થી હરાવી ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. લિએન્ડર પેસ આ અગાઉ મહેશ ભૂપતિ સાથે મળીને ચેન્નાઈ ઓપનમાં પાંચ વખત ડબલ્સ ચેમ્પિયન બની ચૂકયો હતો. અને તેને કારણે આ વખતે પણ તે ચેમ્પિયન બને તેવી આશા રખાતી હતી. જો કે પેસ તેની કારકિર્દીમાં પહેલી વાર વેસલિન સાથે જોડી બનાવીને રમી રહ્યો હતો. પેસ અને વેસલિને છેક ૬ઠ્ઠી ગેમમાં હરીફની સર્વિસ બ્રેક કરી હતી. પરંતુ મેચના પ્રારંભે જ હરીફ ખેલાડીઓ તેમની સર્વિસ બ્રેક કરવામાં સફળ રહ્યા હતા.

# પાકિસ્તાનમાં ફરી ડ્રોન હુમલો કરાતા મુલ્લા નઝીરનું મોત થયું

ઈસ્લામાબાદ, તા.૩

પાકિસ્તાનના દક્ષિણ અને ઉત્તર વઝીરિસ્તાનના આદિવાસી વિસ્તારમાં અમેરિકી ડ્રોન વિમાનો દ્વારા ફરીવાર હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલામાં તાલિબાનના કમાન્ડર મોલ્વી નઝીર વઝીર સહિત ૧૩ આતંકવાદીઓ માર્યા ગયા હોવાના અહેવાલ મળ્યા છે. આ ડ્રોન હુમલામાં અમેરિકાને મોટી સફળતા હાથ લાગી છે. અડધી રાત બાદ આતંકવાદીગ્રસ્ત વિસ્તારમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૩માં અમેરિકાએ પ્રથમ વખત ડ્રોન હુમલો કર્યો છે. પાકિસ્તાન સરકાર દ્વારા ડ્રોન હુમલાઓનો વારંવાર વિરોધ કરવામાં આવ્યો હોવા છતાં અમેરિકાએ આતંકવાદીઓનો સફાયો કરવા માટે ડ્રોન હુમલાઓ જારી રાખવામાં આવ્યા છે. પાકિસ્તાની ઈન્ટેલિજન્સ અધિકારીઓએ કહ્યું છે કે તાલિબાની કમાન્ડર મોલ્વી નઝીર સહિત નવ આતંકવાદીઓ દક્ષિણી વઝીરિસ્તાનમાં કરવામાં આવેલા હુમલામાં માર્યા ગયા હતા. નામ જાહેર નહીં કરવાની શરતે અધિકારીઓએ કહ્યું છે કે અન્ય ઘણાને ઈજા પણ થઈ છે. દક્ષિણી વઝીરીસ્તાનમાં સૌથી મોટા વિસ્તાર પૈકીના એક તરીકે અંગુર અને વાનાને ગણવામાં આવે છે. નઝીરના મોત અંગેની જાહેરાત લાઉન્ડ સ્પીકર મારફતે કરવામાં આવી હતી. મુલા નઝીરના ડેપ્યુટી રટ્ટાખાનનું પણ ડ્રોન હુમલામાં મોત થયું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વ્યક્તિગત મોત અંગેની માહિતી આપવી ખૂબ જ મુશ્કેલ છે. ડ્રોન હુમલાઓ અંગે અમેરિકા હમેશા માહિતી આપતું નથી. ગયા વર્ષે આતંકવાદી અડ્ડાઓને ટાર્ગેટ બનાવીને અમેરિકાએ કુલ ૩૯ ડ્રોન હુમલાઓ કર્યા હતા જે પૈકી ઉત્તર પશ્ચિમ આદિવાસી વિસ્તારમાં મોટાભાગના હુમલા કરવામાં આવ્યા હતા. આ ૩૯ ડ્રોન હુમલામાં ૨૭૪ના મોત થયા હતા. જે પૈકી મોટાભાગના આતંકવાદીઓનો સમાવેશ થાય છે. આદિવાસીઓને ટાર્ગેટ બનાવીને ઉત્તારીય વઝીરિસ્તાનમાં આ હુમલાઓ કરાયા હતા જેમાં ઘણા ઘાયલ પણ થયા હતા. સૈકડો આતંકવાદીઓ ફરાર પણ થઈ ગયા હતા.

## સમાચાર ઝલક

- દેશમાં દાવાનળ આક્રોશ પ્રગટી રહ્યો છે, છતાં દિલ્હીમાં વિદ્યાર્થીની પર પાર્ટીમાં બળાત્કાર...
- ગુજરાત ગ્લોબલ બિઝનેશ હબ બનશે.
- ઉત્પાદનમાં ઘટ છતાં ગોળના ભાવો નહિ વધે.
- દેશમાં ૨૦ કરોડ પ્રી-પેઇડ મોબાઇલ કનેકશનો નિષ્ક્રિય.
- સંરક્ષણ દળો માટેની ગ્રાન્ટ ફાળવણીમાં રૂા.૧૦,૦૦૦ કરોડનો જંગી કાપ.
- તમામ પેન્શન યોજનાઓને મોંઘવારીના દર સાથે જોડી દેવાશે, બજેટમાં જાહેરાત થશે.
- ૭૦% સ્કૂટર-બાઇક, ૩૫% કાર વીમા વગર દોડે છે, વીમા કંપનીઓનું તારણ.
- પતંગમાં ૩૦૦ વેરાઇટીઝમાં ૩૫ નવી. નરેન્દ્ર મોદી, ફિલ્મી સેલીબ્રીટીઓ 'ફેવરીટ', કાના બાંધેલી તૈયાર પતંગોને ટ્રેન્ડ.
- ગત રેલ્વે બજેટમાં જાહેર કરેલ દ્વારકા-સોમનાથ ટ્રેન હજુ ચાલુ કરાઇ નથી.
- આમીરખાન કરોડો રૂપિયાની ઓફર ઠુકરાવીને માત્ર સામાજિક રીતે સુસંગત હોય તેવી જ જાહેરતા કરશે.
- ખાદ્ય ચીજોમાં 'જિનેટીકલ મોડીફાઇડ' લેબલ લગાવવું ફરજિયાત, ગુજરાતમાં ઉત્પાદકો અજાણ.
- ડિસેમ્બરમાં કાર કંપનીઓની ડિસ્કાઉન્ટ વચ્ચે વેચાણ નરમ રહ્યો.
- રેલ્વે દ્વારા હવે સેમી હાઇસ્પીડ આધુનિક કોચ સાથેની ટ્રેન દોડાવાશે.
- નર્મદાના પાણી ભરાઇ ગયા. ખારાઘોડા નારણમાં લાખોનું નૂકસાન.
- સરકાર પરવાનગી આપે તો જૈન સમાજ પગદંડી બનાવશે.
- સીંગતેલનો લેબલ ટીન ૨૩૦૦ની સપાટી પાર કરે તેવી શક્યતા.

# આસામમાં રેપિસ્ટ કોંગ્રેસી નેતાની લોકો દ્વારા ધોલાઈ

ગુવાહાટી, તા.૩

ઉત્તરીય આસામના ચિરાંગ જિલ્લામાં રેપના આરોપી સિનિયર કોંગ્રેસી નેતા વિક્રમસિંહ બ્રહ્માની ગ્રામિણ લોકો અને ખાસ કરીને મહિલાઓએ જાહેરમાં જોરદાર ધોલાઈ કરી લીધી હતી બોરોલેન્ડ ટેરટોરિયલ એરિયાના આઈજી જીપીસિંહે માહિતી આપતા કહ્યુ હતુ કે આરોપી નેતાની ધરપકડ કરી લેવામાં આવી છે.

શરૂઆતી તપાસમાં બળાત્કારને સમર્થન મળી ગયુ છે. પોલીસે એમ પણ કહ્યુ છે કે તમામ લોકોએ નારાજગી વ્યક્ત કરીને તમામ લોકોએ તેમની ધોલાઈ કરી હતી. બીજી બળાત્કારનો શિકાર થયેલી યુવતીના મેડિકલ રિપોર્ટ હજુ આવ્યા નથી. સૂત્રોના જાણાવ્યા મુજબ પ્રદેશ કોંગ્રેસ સમિતિના સભ્ય અને બોરોલેન્ડ ટેરટોરિયલ કાઉન્સિલના પાર્ટી કો ઓર્ડિનેટર વિક્રમસિંહ સરકારી સુવિધાઓ અને રાહત અપાવવાના નામ પર ઘણા મહિનાઓથી મહિલાનું શોષણ કરી રહ્યા હતા. મળેલી માહિતી મુજબ કોંગ્રેસી નેતા આજે સવારે પોતાની સત્તાવાર ગાડીથી ગામમાં પહોંચ્યા હતા. અને સવારે મહિલાની સાથે બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ સ્થાનિક લોકોનો ગુસ્સો આસમાને પહોંચી ગયો હતો. લોકોએ બળાત્કારનો શિકાર થયેલી યુવતીના ઘરમાંથી તેમને કાઢીને જોરદાર ધોલાઈ કરી હતી. રોષમાં ભરાયેલી મહિલાઓએ કોંગ્રેસી નેતાના કપડા ફાડી નાંખ્યા હતા અને નિર્દયરીતે ધોલાઈ કરી હતી. રાષ્ટ્રીય મહિલા પંચના અધ્યક્ષ મમતા શર્માએ કહ્યુ છે કે નેતા કોઈ પણ પક્ષના હોય તો પણ બળાત્કારના મામલામાં કઠોર પગલા લેવામાં આવશે. કઠોરરીતે કાયદાને અપનાવવાની તેમણે વાત કરી હતી. દરમિયાનમાં એવા અહેવાલ પણ મળ્યા છે કે નારાજ પાર્ટીએ વિક્રમસિંહને સસ્પેન્ડ કરી દીધા છે. કોંગ્રેસની પ્રતિષ્ઠાને આના કારણે ભારે ફટકો પડ્યો છે. કોંગ્રેસના પ્રતિષ્ઠિત નેતાની આ મુજબની હાલત કરી હતી. નિર્દયરીતે માર મારવામાં આવતા તેમને ઈજા પણ થઈ હોવાનું જાણવા મળ્યુ છે.

# હિસ્સેદારી વેચાણ માટે જેટની મંત્રણા હજુ જારી

મુંબઈ, તા.૩

હિસ્સેદારી વેચાણ માટે ઈતિહાદ સાથે જેટ એરવેજની વાતચીત ચાલી રહી છે. જેટે કહ્યુ છે કે વાતચીત નિર્ણાયક તબક્કામાં પહોંચી છે. સંભવિત હિસ્સેદારી વેચાણ માટે અબુધાબી સ્થિત કેરિયર ઈતિહાદ સાથે વાતચીતમાં સારી આશા દેખાઈ રહી છે. આની સાથે જ ભારતીય ઉડ્ડયન ક્ષેત્રમાં પ્રથમ વિદેશી કેરિયર દ્વારા રોકાણની સંભાવના ઉજ્જવળ બની છે. જેટ એરવેજે મુંબઈ સ્ટોક એક્સચેન્જમાં આજે આ મુજબની માહિતી આપી હતી. જેટે કહ્યુ છે કે જેટ અને ઈતિહાદ વચ્ચે મૂડીરોકાણના સંબંધમાં ચર્ચા ચાલી રહી છે. જો કે હજુ સુધી કોઈ શરતો નક્કી કરવામાં આવી નથી. જુદા જુદા માળખા ઉપર શક્યતા ચકાસવામાં આવી રહી છે. નિવેદન બાદ આજે જેટના શેરની કિમતમાં સાત ટકાનો ઉછાળો નોંધાયો હતો. જેટે પ્રથમ વખત કબૂલાત કરી છે કે જંગી રોકાણ માટે વાતચીત અંતિમ તબક્કામાં છે. સપ્ટેમ્બર ૨૦૧૨માં વિદેશી એરલાઈન્સોને ૪૯ ટકા સુધી ઈક્વિટી મેળવવાની મંજુરી અપાયા બાદ પ્રથમ વખત આ મુજબની હિલચાલ જોવા મળી રહી છે.